CC

## Order Below Exhibit 1

સદર કેસ નું રેકર્ડ આજરોજ સ્પેશિયલ સિટિંગ દરમ્યાન હાથ પર લઈ  વંચાણે લીધુ, સદર કામે આરોપી સામે ના આક્ષેપો જોતાં આરોપી સામે ગુજરાત પ્રોહિબિશનએક્ટ ની કલમ                              મુજબની ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાએબલ છે . તેમજ આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલી છે. સદર કામે રેકર્ડ જોતા ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને વારંવાર પ્રોસેસ ઇસ્યુ કરવા છતાં સરકાર પક્ષ આરોપી ને અદાલત સમક્ષ હાજર રખાવવા નિષ્ફળ ગયેલ છે.  આજરોજ રાષ્ટ્રીય લોક અદાલત ના દિવસે ખાસ સિટિંગ નું આયોજન કરવામાં આવેલું હોય તથા આરોપી વિરુદ્ધ ઇસ્યુ પ્રોસેસ સંદર્ભે કોઈ અસરકારક બજવણી સરકાર પક્ષે કરવામાં આવેલી નથી અને ફરિયાદ પક્ષ ની નિષ્ફળતા ને કારણે સદર કેસ લંબાયેલ છે.  તેમજ સદર કેસ નો પ્રકાર ધ્યાને લેતા તે સમન્સ ટ્રાએબલ ગુનો છે  તથા આ કેસ પોલીસ ફરિયાદ ઉપર થી દાખલ થયેલ છે અને આરોપી ને અદાલત સમક્ષ હાજર રખાવવા ફરિયાદ પક્ષ ને વ્યાજબી અને પૂરતી તક આપવામાં આવેલી છે તેમછતાં ફરિયાદ પક્ષે આરોપી ને કોર્ટ માં હાજર રખાવેલ નથી. સદર કેસ નો પ્રકાર તેમજ કેસ ઉપર ની હકીકત તથા કેસનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતા તથા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ વંચાણે લેતા, કલમ ૨૫૮ માં કરવામાં આવેલી જોગવાઈયો તથા તેના પાછળ વિધાન મંડળ નો ઉદ્દેશ્ય ધ્યાને લેતા હાથ ઉપરના કેસમાં સદર કલમ હેઠળ નિયત કરવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરવાનું આ અદાલત ને ન્યાયોચિત જણાય છે.
વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા રંજન ત્રિવેદી વિ. સી.બી.આઈ., એ.આઈ.આર. ૨૦૧૨ (એસ.સી.)૩૨૧૫ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ક્રિમિનલ કોર્ટ દ્વારા ઉચિત કેસ માં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮, ૩૦૯,૩૧૧ ની સત્તાનો ઉપયોગ ન્યાયના હિત માં કરવો જોઇયે . વધુમાં નેશનલ લિગલ સર્વિસ ઓથોરીટીના પત્ર જાવક નંબર એફ. ન. એલ/ ૨૩ /૨૦૧૪/નાલસા, તા. ૨૦/૦૮/૨૦૧૪ માં આપેલ ગાઈડ લાઇન ધ્યાને લેતા અદાલત માં પડેલ ડેડવૂડ જેવા કેસોના નિકાલ કરવા સૂચના આપવામાં આવેલ છે તેમજ નામદાર બોમ્બે  હાઇકોર્ટ દ્વારા મૂલચંદ મોતીલાલ રાંકા વિ. મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય, ૧૯૯૬(૨) ક્રાઇમ્સ (બોમ્બે) ના ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતા પણ હાથ ઉપરના કેસ ની હકીકત જોતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ હેઠળ મળેલસત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાય છે.

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા તથા હાથ પરના કેસની હકીકત ધ્યાને લેતા કેસ ઘણો જૂનો હોય તથા પોલીસ એજેંસી તથા ફરિયાદ પક્ષ ને આરોપી હાજર રખાવવા માટે પૂરતી તક આપવા છતાં આરોપીને હાજર રાખવી શકેલ નથી. આરોપી વિરુદ્ધ અવાર નવાર પ્રોસેસ ઇસ્યુ કરવા છતાં ફરિયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય આરોપી વિરુદ્ધ આક્ષેપાયેલ ગુનો, તે સામે ધારાકીય જોગવાઈયો મુજબ થવાને પાત્ર વધુમાં વધુ જોગવાઈ જોતાં તેમજ કેસનો પ્રકાર જોતાં કેસને લંબાવવા માટે કોઈ વિશેષ વ્યાજબી કારણ જણાતું નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત સિધ્ધાંતો તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ ની જોગવાઈ ધ્યાને લેતા ન્યાયના હિત માં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

### હુકમ

(૧) આ કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ અન્વયે આરોપી સામેની હાલની કાર્યવાહી સ્થગિત કરી સદર કેસ માં થી આરોપી ને બિનતોહમત છોડી મૂકવામાં આવે છે.
(૨) વધુમાં આરોપી ભવિષ્ય માં મળી આવે તો તેઓ સામે  ન્યાયિક કાર્યવાહી હાથ ધરાવવા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે .

હુકમ આજરોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

22/06/2024

શાલિની બારઠ
બીજા એડિશનલ સિવિલ જજ
અને જે એમ એફ સી